# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-11-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Diwali Temple programmes

દિવાળીનાં પાવન પર્વ નિમિત્તે ગઈ કાલે રાત્રે રાજ્યનાં મંદિરોમાં વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓને ઓનલાઇન અને ઓફલાઇન માધ્યમથી લક્ષ્મી પૂજન કરાવવામાં આવ્યું હતું.

મંદિરના સંકીર્તન ભવન ખાતે લક્ષ્મી પૂજનમાં શ્રી યંત્ર, શ્રીગણેશ, રોજમેળ લેખનીનું વિજય વિધાન અને શાસ્ત્રોત વિધી સાથે પૂજન કરવામાં આવ્યું હતું. ઓનલાઇન માધ્યમથી જોડાયેલ ભાવિકોનાં રોજમેળનું સોમનાથ ખાતે પંડિતજી દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.

દરમિયાન, સંવત ૨૦૮૦ની અંતિમ માસિક શિવરાત્રીમાં મહાદેવના દર્શન કરવા માટે દિવાળી પર્વ પર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ સોમનાથ પહોંચ્યા હતા. મહાદેવના સાનિધ્યમાં પાઠાત્મક લઘુરુદ્ર, હોમાત્મક લઘુરુદ્ર અને સોમેશ્વર મહાપૂજા કરવામાં આવી હતી.

પ્રણાલિકા અનુસાર રાત્રિના 10:00 કલાકે પારંપરિક જ્યોત પૂજન કરવામાં આવ્યું હતું. મધ્ય રાત્રિએ 12 વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી કરવામાં આવી હતી.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, પાલીતાણામાં આવેલા ૧૨૫ વર્ષ જુના શ્રી કાળ ભૈરવ મંદિરે કાળી ચૌદશની રાત્રીએ શ્રી કાળભૈરવ દાદાના મહાયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ભારતમાં શ્રી કાલભૈરવના ચાર જ મંદિર આવેલા છે જેમાં કાશી ઉજ્જૈન, ઇન્દોર, ગુજરાતમાં પાલીતાણાનો સમાવેશ થાય છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ખાતે ગુરુદેવ બજરંગદાસ બાપાના ધામમાં વિક્રમ સંવત 2081ના પ્રથમ દિવસે એટલે કે આવતી કાલે અન્નકૂટપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. બગદાણાના ગુરુ આશ્રમ ખાતે આવેલા બજરંગદાસ બાપાના ગાદી મંદિર, શ્રીરામ પંચાયત સાથેના નૂતન મંદિર, શ્રીકાળભૈરવ દાદા મંદિર, શ્રી અન્નપૂર્ણા દેવી મંદિર ખાતે વિવિધ વ્યંજનો સાથે અન્નકૂટ કરવામાં આવશે.

અમારા પોરબંદરના પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે, પોરબંદરના પૌરાણિક મહાલક્ષ્મીજીના મંદિરે દિપોત્સવી પર્વને લઈ વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું છે. શ્રી મહાલક્ષ્મીજીને 55 લાખ રૂપિયાની ચલણી નોટોનો શણગાર કરવામાં આવ્યો હતો.

આ શણગાર દર્શનમાં એક રૂપિયાનાં સિકકાથી માંડીને 500 રૂપિયાની નોટોનો શણગાર કરવામા આવ્યો હતો. આજે પણ શ્રધ્ધાળુઓ તેનાં દર્શન કરી શકશે.

અમારા આણંદ જિલ્લાનાં પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે, અક્ષર ફાર્મમાં ચોપડા પૂજન - મહા લક્ષ્મી પૂજનમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

અમારા બનાસકાંઠા જિલ્લાના પ્રતિનિધી સવજી ચૌધરી જણાવે છે કે, મીની અયોધ્યા તરીકે ઓળખાતા કટાવમાં ભગવાન રાઘવેન્દ્ર સરકારનાં ભવ્ય પ્રાચીન મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- -પીટીસી ગીર સોમનાથ, પોરબંદર, ભાવનગર,આણંદ, બનાસકાંઠા અનિલ -(NAVIN)

# EMERGENCY DATA GUJARAT

દિવાળીના દિવસે આગ, માર્ગ અકસ્માત, મારપીટ સહિતના બનાવોમાં 8.55 ટકાનો ઘટાડો નોંધાયો છે.

એક અખબારી યાદી અનુસાર દિવાળીના દિવસે 4 હજાર, 889 જેટલા ઇમરજન્સી કેસ નોંધાયા છે, જેમાંથી સૌથી વધુ ઘટનાઓ અમદાવાદ, સુરત, ભરૂચમાં નોંધાઈ છે.

દિવાળીના દિવસે થનારા માર્ગ અકસ્માતમાં 91.48 ટકાનો ઉછાળો નોંધાયો છે. આ દિવસે રાજ્યમાં 921 માર્ગ અકસ્માતની ઘટનાઓ નોંધાઈ છે. જ્યારે મારપીટના કુલ 323 કેસો સાથે 124 ટકાનો ઉછાળો નોંધાયો છે.

આણંદ, અરવલ્લી, ભરૂચ, બોટાદ, દાહોદ, મહિસાગર, મોરબી, પંચમહાલ, પોરબંદર, ડાંગ અને વલસાડ સહિતના જિલ્લાઓમાં આવી દુર્ઘટનાઓમાં મોટો ઉછાળો આવ્યો છે.

અકંડાઓ અનુસાર દિવાળીના દિવસે અમદાવાદમાં નોંધાતી દુર્ઘટનાના બનાવોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે માર્ગ અકસ્માત અકસ્માતમાં 45 ટકાનો ઉછાળો આવ્યો છે.

---------------------------------------------------------------------

- યાદી, અજય સર 0 સુનિતા

- -(NAVIN)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદના પિરાણા ખાતે ગુજરાતના સૌથી મોટા વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કર્યું. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જાહેર ખાનગી ભાગીદારીથી નિર્માણ પામેલો આ પ્લાન્ટ 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયો છે. આની મદદથી એક હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી દરરોજ 15 મેગાવૉટ વીજળી ઉત્પન્ન થશે.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, આ ગુજરાતનો પહેલો વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ છે.

---

- રીપીટ

# Relief to farmers

મહેસાણા જિલ્લામાં આ વર્ષે 1.79 લાખ હેકટરથી વધુ જમીનમાં શિયાળુ પાકનું વાવેતર થવાનો અંદાજ છે.

જેમાંથી 37 ટકાથી વધુ જમીનમાં ઘઉંનું વાવેતર થઈ શકે છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદ થયો હોવાથી કૃષિ વિભાગે ખેડૂતોને બિયારણની ખરીદીમાં રાહત આપવા સબસીડી જાહેર કરી છે.

જે અંતર્ગત ઘઉંના બિયારણમાં પ્રતિ કિલોએ 20 રૂપિયા અને ચણાના બિયારણમાં પ્રતિ કિલોએ 50 રૂપિયાની સબસિડી અપાશે.

-----------------------------------------------------------------------

- પીટીસી મહેસાણા, બકુલા

-(NAVIN)

# RAILWAY - ADVANCE TICKET

રેલવેએ ટ્રેનની ટિકિટ માટેના એડવાન્સ રિઝર્વેશન બુકિંગના નવા નિયમો આજથી લાગુ કર્યા છે. જે મુજબ ટ્રેનોમાં એડવાન્સ રિઝર્વેશન માટેની હાલની સમય મર્યાદા 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરાઇ છે. જો કે 31 ઓક્ટોબર સુધીની તમામ આરક્ષિત ટિકીટો યથાવત રહેશે.

રેલ્વે મંત્રાલયના જણાવ્યા અનુસાર 61 થી 120 દિવસના સમયગાળા માટે બુક કરાયેલી 21 ટકા ટિકીટો રદ થતી હોવાથી આ નિર્ણય લેવાયો છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે વિદેશી પ્રવાસીઓ માટે 365 દિવસની એડવાન્સ રિઝર્વેશન બુકિંગ મર્યાદા યથાવત રાખવામાં આવી છે.

---

- રીપીટ

# ANAND POLICE

આણંદ જિલ્લા પોલિસ દ્વારા વલ્લભવિદ્યાનગરના એલિકોન સર્કલ પાસે ટ્રાફીક અવરનેસ અંગે કાર્યક્રમ યોજાઈ ગયો.

રાજ્યના ડી.જી વિકાસ સહાયએ હેલ્મેટ પહેર્યા વિના બાઇક હંકારતાં બાઇક ચાલકોને ગુલાબનું ફૂલ આપી હેલ્મેટ પહેરાવી હેલ્મેટ પહેરવા અનુરોધ કર્યો હતો.

---------------------------------------------------------------------

- પીટીસી આણંદ - કરણ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................